રૂપ–અરૂપ

લેખક : શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા

સનત્કુમાર ચક્રવર્તીને છ ખંડનો વૈભવ પ્રાપ્ત થયો હતો. છ ખંડના ક્ષેત્રમાં વસનાર સમસ્ત માનવોનું જેટલું બળ હોય, તેના કરતાં અનેકગણું બળ ચક્રવર્તીની ભુજામાં હોવાનું કહેવાય છે. જેવું તેમનું બળ હતું એવું જ અદ્‌ભુત એમનું રૂપ અને તેજ હતું.

એક વખત ઇન્દ્રમહારાજે દેવલોકમાં દેવોને પણ દુર્લભ એવા સનત્‌કુમારના રૂપની ભારે પ્રશંસા કરી. સાંભળીને બે દેવોને સનત્‌કુમારનું રૂપ જોવાની અને ઇંદ્રમહારાજના કથનને ચકાસી જોવાની તીવ્ર ઇચ્છા થઈ આવી. તરત જ તેઓ બંને વૃદ્ધ મનુષ્યનું રૂપ ધારણ કરી સનત્‌કુમારના રાજમહેલમાં જઈ પહોંચ્યા.

સનત્‌કુમાર એ વખતે પોતાના અંગ ઉપર તેલનું મર્દન કરાવી, ટૂંકી પોતડી પહેરી, સ્નાનગૃહમાં જવાની તૈયારી કરી રહ્યા હતા. બંને દેવો તેમના ખુલ્લા દેહની ભવ્યતા, કાંતિ અને એમનું અલૌકિક રૂપ જોઈ આશ્ચર્યચકિત થઈ ગયા. તેઓને લાગ્યું કે ઇન્દ્રમહારાજની પ્રશંસા ખરેખર, યથાર્થ હતી.

સનત્‌કુમારે બંને વૃદ્ધ જનોને પોતાને ત્યાં આવવાનું પ્રયોજન પૂછતાં દેવોએ પોતાનું સાચું સ્વરૂપ પ્રગટ કરી જણાવ્યું કે, દેવલોકમાં ઇન્દ્રમહારાજે તેમના રૂપની પ્રશંસા કરી હતી તેથી તેઓ એ રૂપને પ્રત્યક્ષ નિહાળીને ઇન્દ્રમહારાજના કથનની ખાતરી કરી જોવા માટે અહીં મર્ત્યલોકમાં આવ્યા છે. પોતાના રૂપની પ્રશંસા દેવલોકમાં ઇન્દ્રસભામાં પણ થાય છે અને દેવો પણ પોતાનું રૂપ જોવા ધરતી પર આવે છે, એ વાત જાણી સનત્‌કુમારને પોતાના રૂપનું અભિમાન થયું. રૂપના એ અભિમાનમાં ને અભિમાનમાં વિવેક ભૂલીને ચક્રવર્તીએ બંને દેવોને કહ્યું : "હમણાં તો હું સ્નાન કરવા જવા માટેની તૈયારી કરી રહ્યો છું, એટલે તમને મારા સાચા રૂપનો પૂરેપૂરો ખ્યાલ નહિ આવી શકે. જો તમારે મારું સર્વાંગસુંદર રૂપ જોવું હોય તો, મારા દેહ પર સુશોભિત વસ્ત્રો અને અમૂલ્ય અલંકારો ધારણ કરી જ્યારે હું રાજસભામાં રત્નજડિત સિંહાસન પર બેઠો હોઉં ત્યારે પધારજો."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્તમ જાતિ, કોઈ વસ્તુનો વધુ પ્રમાણમાં લાભ, ઉત્તમ કુલ, ઐશ્વર્ય, બલ, તપશ્ચર્યાની શક્તિ, વિશિષ્ટ જ્ઞાન અને સુંદર રૂપ—એ આઠ વસ્તુઓ પૈકી કોઈ પણ વસ્તુનું અભિમાન કરવા જેવું નથી, કારણ કે, આ બધી જ વસ્તુઓ ક્ષણભંગુર અને પરિવર્તન પામવાના સ્વભાવવાળી છે. માનવીના અંતરમાં જ્યારે આવી કોઈ વસ્તુ બાબતમાં અભિમાન જાગ્રત થાય છે, ત્યારે તેના આત્માને તે તે ભાવોની હીનતા પ્રાપ્ત થતાં વાર લાગતી નથી. આ બધી વસ્તુઓ સંધ્યાના રંગ જેવી અસ્થિર અને વિચલિત હોય છે અને તેથી જ્ઞાની જનો તેનું કદી પણ અભિમાન કરતા નથી. એટલા માટે સંતો અને ધર્મશાસ્ત્રો આ આઠમાંથી કોઈ પણ વસ્તુના ગર્વ–મદ–અભિમાનથી હમેશાં દૂર રહેવાનું વારંવાર ઉદ્બોધે છે.

દેવો તે સમયે રાજમહેલમાંથી ચાલતા થયા. સ્નાનવિધિ પતાવી, સુશોભિત વસ્ત્રો તેમ જ હીરા, મોતી અને માણેકનાં અમૂલ્ય અને આકર્ષક આભૂષણો ધારણ કરી સનત્‌કુમાર ચક્રવર્તી રાજસભામાં જઈ સિંહાસન પર આરૂઢ થયા. તેમના મસ્તક ઉપર છત્ર શોભવા લાગ્યું અને બન્ને બાજુ ચામરો વીંઝાવા લાગ્યા. બરોબર તે સમયે પેલા બંને દેવો રાજસભામાં જઈ પહોંચ્યા.

અવધિજ્ઞાનની મદદ વડે દેવોએ સ્નાનાગારમાં જતી વખતના અને સિંહાસન પર આરૂઢ થયેલા સનત્‌કુમારના રૂપમાં આસમાન-જમીન જેવો તફાવત જોયો. તેઓએ જોયું કે સ્નાનાગારમાં જતી વખતે સનત્‌કુમારનો દેહ નીરોગી અને તન્દુરસ્ત હતો; જ્યારે સિંહાસન પર આરૂઢ થયેલ સનત્‌કુમારનો દેહ ભયજનક રોગોના કારણરૂપ એવા અનેક ઝેરી જંતુઓથી ઘેરાઈ ગયો હતો.

માનવદેહ પણ ભારે વિચિત્ર હોય છે. એ એક પ્રકારના પુદ્‌ગલોનો સમૂહ છે. **पूरण-गलनस्वभावः पुद्गलः** અર્થાત્ પુરાવું–મળવું, ગળી જવું–વીખરાઈ જવું એ તો દેહમાત્રનો સ્વભાવ છે. દેહના રૂંવે રૂંવે જાતજાતના રોગોના સૂક્ષ્મ જંતુઓ સુપ્ત દશામાં પડેલા જ હોય છે અને તેનો ઉપદ્રવ કઈ ઘડીએ શરૂ થશે તે કહી શકાતું નથી.

સનત્‌કુમારે તો ધારેલું કે રાજસભામાં પહોંચેલા દેવો પોતાનું રૂપ જોઈ સ્તબ્ધ થઈ જશે. તેને બદલે તેણે બંને દેવોના મુખ પર ખિન્નતા વ્યાપેલી જોઈ. આવી ખિન્નતાનું કારણ પૂછતાં દેવોએ ગંભીર બની જઈને કહ્યું : "રાજન્ ! પ્રભાતે તમારી કાયાનું રૂપ નિર્મળ અને વિશુદ્ધ હતું, પણ અત્યારે એ સર્વોત્કૃત રૂપ વિરૂપતામાં પલટાઈ ગયું છે, અને કાયામાં અનેક રોગોના જંતુઓ ઉત્પન્ન થઈ ગયા છે !"

સનત્કુમાર એ વખતે તાંબૂલનો સ્વાદ લઈ રહ્યા હતા. પોતાના કથનની ખાતરી કરાવી આપવા અર્થે દેવોએ તેની પાસે થૂકદાનીમાં પિચકારી કરાવી. ત્યાં એક–બે માખીઓ બેઠી કે થૂંકના ઝેરથી તે તરત જ મૃત્યુ પામી. થૂંકની અસહ્ય દુર્ગંધના કારણે દેવોના કથનની યથાર્થતાની ચક્રવર્તીને પણ ખાતરી થઈ અને પોતાની આવી સ્થિતિ થયેલી જાણીને તેને અસહ્ય આઘાત થયો. દેવો તો પછી વિશેષ કંઈ પણ બોલ્યા વિના પોતાને સ્થાને ચાલી ગયા, પણ તે દિવસથી સનત્કુમારના જીવનનો આનંદ લુપ્ત થઈ ગયો અને નિદ્રા એની વેરણ બની ગઈ ! સવારે હસતું–ખીલતું કમળ જાણે સંધ્યા ટાણે વિલાઈ ગયું ! સંસારની એ જ બલિહારી છે !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંતરને મર્માઘાત થયો હોય એમ ઉપલો બનાવ બન્યા પછી સનત્કુમારનો રૂપ, બળ અને સત્તાનો તમામ ગર્વ ગળી ગયો. તેને ભાન થઈ ગયું કે જીવન પાણીના પરપોટા જેવું ચંચળ છે અને લૌકિક સુખનાં બધાં જ સાધનો સંધ્યાના રંગ જેવા અસ્થિર તેમ જ પરિવર્તન પામવાના સ્વભાવવાળા છે. તેને ખાતરી થઈ ગઈ કે આ જગતનું કોઈ પણ પ્રાણી રોગ અને મૃત્યુના ભયમાંથી મુક્ત નથી. સામાન્ય માણસ અને ચક્રવર્તી બંનેને કુદરતનો આ નિયમ સમાનપણે લાગુ પડે છે. એના ચિત્તતંત્રમાં એક ભયંકર પ્રકારનો વિષાદ છવાઈ ગયો. પોતાની પાસે મહાન સામ્રાજ્ય તેમ જ વૈભવ અને વિલાસનાં વિપુલ સાધનો હોવા છતાં પોતાની આવી શોચનીય દશા! ચક્રવર્તી ભારે અસહાયતા અનુભવી રહ્યા. એમના જીવનમાંથી આનંદ ઊડી ગયો અને એ શૂન્યમનસ્ક બની ગયા.

*

દેહના દર્દ કરતાં મનનું દર્દ વધુ કાતિલ અને જટીલ હોય છે. સનત્કુમાર ચક્રવર્તી વિચારવા લાગ્યા કે અનિત્ય, અસાર અને અશરણરૂપ એવા દેહમાં જીવને શા કારણે આટલી બધી આસક્તિ અને પ્રીતિ થતી હશે? પ્રૌઢાવસ્થા અને વૃદ્ધાવસ્થા પ્રત્યક્ષ રીતે જોઈ શકાતી હોવા છતાં આ શરીર પરના આટલા બધા મોહનો અર્થ શું છે? સૂર્ય અને ચંદ્ર જેવા જ્યોતિવાળા પદાર્થો પણ સ્થિર રહી શકવાને અશક્ત છે અને ક્ષણે ક્ષણે પરિવર્તન પામે છે, તો પછી આ દેહનું પરિવર્તન થાય એમાં જીવને શા માટે ખેદ અને મૂંઝવણ થવાં જોઈએ?

આ રીતે ક્રમેક્રમે દેહની ક્ષણભંગુરતા, અનિત્યતા અને પરિવર્તનશીલતા સમજાતાં સનત્ કુમારમાં તીવ્ર વૈરાગ્ય ઉત્પન્ન થયો અને સંસારના ભોગપદાર્થો પ્રત્યે એના મનમાં ભારે અણગમો જાગ્યો. દેહના જે રૂપનું તેને અતિ અભિમાન હતું તે જ રૂપ તેના માટે વૈરાગ્યનું નિમિત્ત બની ગયું. તેને સમજાઈ ગયું કે આત્માની સાથે જ્યાં સુધી કોઈ ને કોઈ કર્મનો સંયોગ છે, ત્યાં સુધી કોઈ ને કોઈ પ્રકારનો દેહ અવશ્ય ધારણ કરવો પડે છે. જન્મ-મરણના ચક્રનો અંત લાવવો હોય તો શરીરથી છૂટા થઈ અશરીરી દશા પ્રાપ્ત કરવી જોઈએ, અને તેના માટેનો ધોરી માર્ગ ચક્રવર્તીપણું નહીં પણ ત્યાગ–તપ–સંયમના માર્ગનો સ્વીકાર કરવો એ છે.

આટલું સત્ય સમજાયું અને જાણે ચક્રવર્તીના અંતરમાં અજવાળાં પથરાઈ ગયાં. પછી તો, સર્પ જેમ કાંચળીનો ત્યાગ કરી દે છે તેમ, સનત્કુમાર ચક્રવર્તીએ પણ નવ-નિધાન અને વિપુલ ઋદ્ધિસિદ્ધિનો સદાને માટે ત્યાગ કરી દીક્ષા ગ્રહણ કરી લીધી. જેઓ કર્મમાં શૂરા હોય છે તેઓને ધર્મમાં પણ શૂરા થતાં વાર લાગતી નથી. ત્યાગી બનેલા ચક્રવર્તીને હવે એ સમજવું સહજ બની ગયું કે વૈભવ અને વિલાસના માર્ગે તો માનવ-શક્તિનો હ્રાસ થાય છે, પરન્તુ શક્તિના એ જ પ્રવાહને જો ત્યાગ, તપ, સંયમના માર્ગે વાળી શકાય તો તેથી મુક્તિપદ પણ પ્રાપ્ત કરી શકાય છે. અને એમણે ઉગ્ર તપશ્ચર્યા શરૂ કરી. છટ્ઠ-અટ્ઠમના પારણે પૌષ્ટિક પદાર્થોને બદલે રસહીન—લુખ્ખો આહાર વાપરવાનું શરૂ કર્યું. જોતજોતામાં એમનું થનગનાટ કરતું યૌવન શાંત બની ગયું, અને શક્તિના પુંજ સમું શરીર સુકાઈ ગયું. શરીરમાંથી લોહીમાંસ સુકાઈ ગયાં અને માત્ર હાડકાં ને ચામડાંનું ખોખું જ બની ગયું. ચક્રવર્તી સનત્કુમાર હવે ચક્રવર્તી મટીને રાજર્ષિ બન્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેહમાં અનેક રોગો ઘર કરવા લાગ્યા, પણ આત્માની પરિણતી વધુ ને વધુ વિશુદ્ધ બનવા લાગી. ચક્રવર્તીની કાયાની માયા અદૃશ્ય થઈ ગઈ અને હૃદયમાં કેવળ આત્મભાવ જ વિલસી રહ્યો.

ભક્તજનો અને રાજકુટુંબના સભ્યોથી રાજર્ષિની આવી વેદના સહન ન થઈ શકી. સુપ્રસિદ્ધ ચિકિત્સકો મારફત એમણે તેમની યોગ્ય સારવાર કરાવવા ઘણા ઘણા પ્રયત્નો કર્યા, પરન્તુ કોઈ પણ પ્રકારનું ઔષધ લેવાની તેમણે સ્પષ્ટ ના પાડી. શરીરમાં ગમે તેવા વ્યાધિ કે રોગો ઉત્પન્ન થાય તોપણ યત્કિંચિત્ પણ ઔષધોપચારાદિનું સેવન ન કરવાનો એ મહાન આત્માએ દીક્ષા ગ્રહણ કરતી વખતે જ અભિગ્રહ કર્યો હતો. અને દેહના ભોગે પણ એનું પાલન કરવાનું હતું.

ગૃહસ્થાશ્રમમાં સનત્કુમારની અનેક રાણીઓમાં સુનંદાનું સ્થાન સૌથી મોખરે હતું. મુનિરાજની આવી વેદના જોઈ તેનું કોમળ અંતર કકળી ઊઠ્યું. એક દિવસે મુનિરાજ પાસે આવી ઔષધોપચાર માટે વિનંતી કરતાં એણે લાગણીભીના સ્વરે, નમ્રતાપૂર્વક કહ્યું : "સંસાર પરથી આપનું મન ઊઠી ગયા બાદ એક દિવસે મેં ફૂલની વેણી પહેરી હતી, ત્યારે આપનો અંતરાત્મા કકળી ઊઠ્યો હતો અને આપે મને કહેલું કે, "શરીરના એક અંગને અન્યની દૃષ્ટિએ સુશોભિત બનાવવા બાપડાં ફૂલોને શા માટે ત્રાસ આપો છો ? આજે હું આપને, મારો અધિકાર ન હોવા છતાં, પૂછું છું કે આષધોપચાર ન કરાવવાનો આગ્રહ રાખી મને અને અન્ય સૌ સ્વજનો તેમ જ પરિજનોને શા માટે ત્રાસ ઉપજાવો છો ? મહારાજ, ફૂલને થતી વેદના સમજનારને માનવની વેદનાનો—સ્વજનોની અંતરની વેદનાનો—ખ્યાલ શું ન આવી શકે ?"

મુનિરાજે ગંભીર ભાવે કહ્યું : "વેદના તો મુક્તિધામનું મુખ્ય દ્વાર છે; એમાંથી પસાર થયા સિવાય કોઈથી પણ મુક્તિપદ પ્રાપ્ત કરી શકાતું નથી. બધા જ જીવોને વેદના સહન કરવી પડે છે, પણ એ સહન કરવાની રીત રીતમાં ફેર છે; અને એ ન સમજવાના કારણે જન્મ-મરણના ચક્રમાંથી મુક્ત બની શકાતું નથી. જે માનવી સમભાવ, શાંતિ અને સ્વસ્થતાપૂર્વક વેદના સહન કરતાં શીખી જાય છે, તેને મુક્તિના સુખની ઝાંખી અહીં જ થઈ જાય છે. મારી સાધના વેદનામાંથી મુક્ત થઈ જવા માટેની નથી, પણ વેદના દ્વારા નિજ સ્વરૂપને પ્રાપ્ત કરવા અર્થેની છે. જેને જેને સ્વસ્વરૂપ પ્રાપ્ત કરવું છે, તેણે તેણે વેદનાને સહન કરતાં શીખી જવું જ રહ્યું. અગ્નિ દ્વારા જેમ સોનાની શુદ્ધિ થાય છે, તેમ વેદના દ્વારા માણસ શુદ્ધ અને નિર્મળ બની અક્ષયપદ પ્રાપ્ત કરે છે. આત્મપ્રદેશથી કર્મોને વિખેરવા માટેનો ઉત્તમ માર્ગ વેદનાને સમતાપૂર્વક સહન કરવી એ છે; એટલે વેદના ભોગવતી વખતે માનવના સમગ્ર ચિત્તતંત્ર અને આત્મા ઉપર આઘાતની નહીં પણ પ્રસન્નતાની લાગણી થવી જોઈએ. વેદનાને જે અર્થમાં હું સમજું છું અને ભોગવું છું, તે અર્થમાં તમે પણ સમજવા પ્રયત્ન કરશો તો મારી વેદના તમારા ક્લેશનું નહિ પણ વિકાસનું કારણ બનશે."

મુનિરાજની વાત સાંભળી અશ્રુભરી આંખે, અત્યંત દયાર્દ્ર ભાવે, સુનંદાએ કહ્યું : "આપના કહેવાનો અર્થ તો એમ થયો કે આત્માને રીઝવવા દેહનું દમન કરવું અને દેહને રિબાવવો. પરંતુ શું દેહ પણ આત્માને માટે રહેવાના મંદિર રૂપ નથી ? શરીર જો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મ કરવાનું સાધન હોય તો તેની આ રીતે વિડંબના કરવાનો શું અર્થ છે? મહારાજ, મને તો આપની આવી બધી વાતો સમજાતી નથી.”

મુનિરાજે આછા સ્મિતપૂર્વક કહ્યું: “મારી સાધના તો શરીરથી છૂટીને અશરીરી દશા પ્રાપ્ત કરવાની છે, એટલે એમાં દેહના મમત્વ માટે કોઈ અવકાશ નથી. દેહ ઉપર મમત્વ ધરાવતો જીવ સંસારથી કદાપિ છૂટી શકતો નથી. દેહ દ્વારા આત્મસાધના થઈ શકે, પણ આત્મા દ્વારા દેહની સાધના ન થઈ શકે. મતલબ કે આત્માના ભોગે દેહનું રક્ષણ ન કરી શકાય, પણ આત્મસાધનામાં દેહનો ભોગ દેવો પડે તો ચિંતા નહીં. કારણ કે દેહ તે હું નથી, દેહનો સંયોગ તો માતાના ગર્ભમાં થયો છે. દેહ અનંત કાળ રહેતો નથી, મૃત્યુ વખતે તેનાથી છૂટું પડવાનું જ હોય છે. દેહરૂપી મકાનને આપણી માલિકીનું સમજવાને બદલે પરિમિત કાળ માટે આપણે તેના સાચવનાર છીએ એમ માનવું જોઈએ. આવા તો અનંતા દેહોને ધારણ કર્યા, શણગાર્યા, પુષ્ટ કર્યા અને અનેક વાર ભોગો ભોગવ્યા. પરંતુ તેમ છતાં અનંતા દેહો પૈકી કોઈ પણ દેહ મૃત્યુ સમયે આત્માની સાથે ન ગયો! તેનો અર્થ એમ થયો કે હું તે દેહ નથી અને દેહ તે હું નથી. દેહનું આવું વિચિત્ર અને ભુલભુલામણું સ્વરૂપ સમજવામાં દેહનાં દર્દો તો ઊલટાં મદદરૂપ થાય છે. એટલે આવી પરિસ્થિતિમાં પણ જો હું આવી પડેલ કષ્ટ કે જાગી ઊઠેલ રોગને શાંતિ, સ્વસ્થતા અને સમભાવપૂર્વક સહી શકતો હોઉં તો મારે માટે ઉપચાર અને સારવારનો માર્ગ આત્માના હ્રાસ રૂપ બની જાય છે.”

સુનંદા પાસે હવે કોઈ દલીલ ન હતી, એટલે એ નિરાશ થઈને ભારે હૃદયે ત્યાંથી ઊઠીને ચાલતી થઈ.

*

મુનિરાજના દેહનાં દર્દોનો વ્યાધિ દિનપ્રતિદિન જેમ જેમ વધતો જતો હતો, તેમ તેમ તેમના આત્માની શાંતિ અને ચિત્તની પ્રસન્નતા પણ વધતી જતી હતી.

એકદા પુનઃ ઇન્દ્રસભામાં ઇન્દ્ર મહારાજે સનત્‌કુમાર મુનિના તપ, સંયમ અને સહનશીલતાની ભારે પ્રશંસા કરી, એટલે પ્રથમ આવેલા બંને દેવોને એ સાંભળીને ભારે ગ્લાનિ ઉત્પન્ન થઈ. તે બંનેએ સનત્‌કુમાર મુનિનાં દર્દોને દૂર કરવાનો દૃઢ નિશ્ચય કર્યો અને ધન્વંતરિનું રૂપ ધારણ કરી એમની પાસે પહોંચી ગયા.

બંને દેવોએ સનત્‌કુમાર મુનિને ચક્રવર્તી સ્વરૂપે જોયા હતા, એટલે એમના દેહની હાડપિંજર જેવી સ્થિતિ જોઈ બંનેને ભારે આઘાત થયો. એમણે મુનિરાજને વંદન કરી રોગોનો ઉપચાર કરવા સંમતિ માગી. મુનિરાજે પોતે કરેલા અભિગ્રહની વાત કરીને ઉપચાર માટે સ્પષ્ટ ના પાડી, એટલે બંને દેવોએ પોતાનું મૂળ રૂપ પ્રગટ કરી આજીજીપૂર્વક કહ્યું: “મુનિરાજ! આપની ઋદ્ધિ–સિદ્ધિ તેમ જ આપના અપૂર્વ વૈભવ, બળ અને રૂપ અમે પ્રત્યક્ષ નિહાળ્યાં છે, એટલે અત્યારે આપના રોગોની આવી અસહ્ય વેદના અમારાથી જોઈ શકાતી નથી. આપના દર્દની શાંતિ અર્થે નહિ પરંતુ અમારા મનના સંતોષ અને સમાધાન અર્થે ઉપચાર કરવાની અમને રજા આપો. અમારી પાસે એવાં ચમત્કારી ઔષધો છે કે જેના સેવનથી એક ઘડીમાં આ તમામ રોગોનો નાશ થઈ જશે અને આપની કાયા પ્રથમની માફક કંચન જેવી નિર્મળ અને તેજસ્વી બની જશે.”

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુનિરાજ તો દેહના સ્નેહને જીતી ચૂકયા હતા. એમણે શાંતિપૂર્વક દેવોને કહ્યું : “ તમે રાજસભામાં જે દિવસે મારા દેહમાં છુપાયેલા રોગોના જંતુઓ મને બતાવ્યા, તે ઘડીથી જ મારી દેહ પરની માયા–મમતાનું વિસર્જન થઈ ગયું. હવે મને લાગે છે કે તે દિવસે તમે મારી પરીક્ષા નહોતી કરી, પણ મારા ઉપર છૂપો ઉપકાર કર્યો હતો. તે દિવસે મને સમજાયું કે જે કોઈ માનવી મન, વચન અગર કાયાથી પોતાના દેહ કે દેહના રૂપ-લાવણ્યમાં રાગ-આસક્તિ કરે છે અથવા એનો ગર્વ ધરે છે તેને અંતે દુઃખના ખાડામાં ઊતરવું પડે છે. વળી, શરીરથી મુક્ત થઈને અશરીરી સિદ્ધપદ પ્રાપ્ત કરવાની સાધના કરનાર સાધકને દેહનાં દર્દો અંતરાયરૂપ બનવાને બદલે ઊલટાં સહાયરૂપ બની જાય છે. મારી સાધના દેહના રોગોના નિવારણ અર્થે નહીં, પણ ભવના રોગનો નાશ કરવા અર્થેની છે, કારણ કે એનો નાશ થયો એટલે પછી રોગના જન્મસ્થાનરૂપ દેહનો જ સદાને માટે અભાવ થઈ જાય છે. એટલે તમારી પાસે ભવરોગનો નાશ કરવાની અર્થાત્ ફરી જન્મ લેવો ન પડે એવી કોઈ દવા હોય તો હું તમારી પાસે ઉપચાર કરાવવા તૈયાર છું.”

દેવોએ વિનમ્રતાપૂર્વક કહ્યું : “ મુનિરાજ ! જ્યાં અમે અમારો પોતાનો જ ભવરોગ દૂર કરી શકયા નથી, ત્યાં આપના ભવરોગને તો અમે કઈ રીતે દૂર કરી શકીએ ? પરંતુ દેહના રોગો દૂર થતાં આપના ચિત્તની પ્રસન્નતામાં વધારો થશે અને આત્મસાધના વધુ સરળ બનશે, એમ તો અમે ચોક્કસ માનીએ છીએ.”

સનત્ કુમાર મુનિએ આછા સ્મિતપૂર્વક કહ્યું : “ દેહ અને આત્માનું સ્વરૂપ ભિન્ન ભિન્ન હોવાના કારણે આત્મસાધનામાં દેહનાં દર્દો નહીં પણ દેહના ભોગો–ઇંદ્રિયના સુખવિલાસ–અંતરાયરૂપ બને છે. દેહનાં દર્દો તો દેહની અનિત્યતા, ક્ષણભંગુરતા અને ક્ષણિકતાનું ભાન કરાવી ઉપકાર કરે છે. અને એનું ભાન તો આત્મસાધનામાં અંતરાયરૂપ બનવાને બદલે મદદરૂપ બની જાય છે.”

બંને દેવો પૈકી એકે કાંઈક કુતૂહલપૂર્વક કહ્યું : “ મુનિરાજ ! જે મંદિરમાં ભવ્ય પ્રતિમા હોય તે મંદિર પણ તેવું જ ભવ્ય હોવું જોઈએ ને ? જીર્ણ–શીર્ણ થઈ ગયેલા મંદિરમાં ભવ્ય પ્રતિમા જેમ શોભતી નથી, તેમ તમારો મહાન આત્મા આવા રોગગ્રસ્ત શરીરમાં રહે એ અમને યોગ્ય લાગતું નથી.”

દેવની આવી વાત સાંભળી સનત્ કુમાર મુનિ હસી પડ્યા અને બોલ્યા : “ જીર્ણ–શીર્ણ થઈ ગયેલા મંદિરમાં પણ ભવ્ય પ્રતિમા હોય તો એ મંદિર પણ ભવ્ય બની જાય છે; અને ભવ્ય મંદિરમાં પણ ખંડિત થયેલી પ્રતિમા હોય તો એ મંદિરની ભવ્યતા ખંડિત થઈ જાય છે. મહિમા અને મહત્તા મંદિરનાં નહીં પણ પ્રતિમાનાં છે.”

આમ છતાં દેવોના મનના સમાધાન અર્થે મુનિરાજે પોતાના દેહ પર એક અદ્ભુત પ્રયોગ કરી બતાવ્યો. ઉત્કૃષ્ટ તપ અને સાધનાના કારણે સનત્ કુમાર મુનિને આમૌષધિ, વિપ્રૌષધિ, ખેલૌષધિ, જલ્લૌષધિ વગેરે લબ્ધિઓ પ્રાપ્ત થઈ હતી. મુનિરાજે પોતાનું થૂંક પોતાની આંગળી પર ચોપડ્યું કે તરત જ આંગળીમાંથી કુષ્ટના દર્દના અંગે જે લોહી-પરુ વહી રહ્યું હતું તે બંધ થઈ ગયું અને તે આંગળી કંચન જેવી શુદ્ધ અને સ્ફટિક જેવી નિર્મળ બની ગઈ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુનિરાજની આવી અપૂર્વ શક્તિ અને સિદ્ધિ જોઈ બંને દેવો આશ્ચર્યચકિત થઈ ગયા. તેઓનાં મસ્તક મુનિરાજને નમી પડયાં અને વંદના કરી તેઓ પોતાને સ્થાને ચાલી ગયા.

*

પાંચ, પચીસ કે સો વરસ નહીં, પણ પૂરાં સાત સો વરસ સુધી સનત્‌કુમાર મુનિએ અદ્‌ભુત શાંતિ અને સમભાવપૂર્વક દેહના રોગોની કારમી અને કાતિલ વેદના સહન કરી. સંસારમાં પ્રારબ્ધાનુસાર શુભાશુભ કર્મો ઉદયમાં આવે છે, પણ જ્ઞાની પુરુષો તેમાં કદી પ્રીતિ-અપ્રીતિ થવા દેતા નથી, એ વાત સનત્‌કુમાર ચક્રવર્તીએ પોતાના અપ્રમત્ત આચરણ દ્વારા સિદ્ધ કરી બતાવી.

અગ્નિ લોહનો સંગી થાય છે એટલે તેને ઘણના ઘા ઝીલવા પડે છે, તેમ અગ્નિ જેવા તેજસ્વી આત્માને પણ દેહરૂપ લોહના સંગના કારણે વેદના અને દર્દો સહન કરવાં પડે છે. ધર્મશાસ્ત્રોએ શરીરની આસકિતને જ દુઃખના સબલ કારણરૂપે દર્શાવેલ છે. સનત્‌કુમાર ચક્રવર્તીના જીવનની વાત સમસ્ત માનવજાત માટે માર્ગદર્શનરૂપ છે. માનવજીવનની સાચી સાધના ભવરોગને વધારવા માટે નહીં પણ ટાળવા માટેની હોવી જોઈએ. માનવજીવન પ્રાપ્ત કરી મનુષ્ય મુક્તિની જેટલી નજીક પહોંચી શકે તેટલી તેના જીવનની સાર્થકતા.

ચક્રવર્તીઓ મોટા ભાગે નરકના અધિકારી બને છે, પણ સનત્‌કુમાર તેમાં અપવાદરૂપ છે. તેઓ નરકના નહીં પણ દેવલોકના વાસી બન્યા છે. રૂપમાં અરૂપનાં-કુરૂપનાં દર્શન કરનાર આવા આત્મસાધક મહાન મુનિરાજને કોટિ કોટિ વંદના!



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org